Jhagadia Industries Directory 2026
Boost Your Business Visibility

Directory Publishing - June 2026
Early Booking = Premium Placement
Don't Miss First 20 Pages Advantage

| | |
|---|---|
| Full Page | 10,000/- |
| Half Page | 6,500/- |
| Quarter Page | 4,000/- |

જીગર Jigar Publications
+91 99989 80519
jhagadiaindustries@gmail.com



# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 06 DATE: 16- 06 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ સુદ એકમ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


## અંકલેશ્વર એસ્ટેટ માટે માટે ઈન્ડસ્ટ્રીઝની તરફેણમાં જીપીસીબીનો મહત્વપૂર્ણ નિર્ણયઃ ઈન્ટર-CETP એફ્લ્યુએન્ટ ટ્રાન્સફર અને અને તેને લગતી જોગવાઈઓ અંગે મહત્વપૂર્ણ નીતિગત ફેરફારો જાહેર કરાયા










લઘુ ઉદ્યોગ ભારતી – ગુજરાત (ભરૂચ ચેપ્ટર) દ્વારા રાજ્ય સરકાર અને સંબંધિત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સમક્ષ રજૂ કરાયેલા તા. ૧૨/૦૫/૨૦૨૬ ના પત્ર સંદર્ભે અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના નાના અને મધ્યમ ઉદ્યોગોના હિતમાં અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ઈન્ટર-CETP (કોમન એફ્લ્યુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) એફ્લ્યુએન્ટ ટ્રાન્સફર પદ્ધતિ અને તેના સંબંધિત નિયમનકારી નીતિઓમાં સુધારા કરીને ઉદ્યોગોની વર્ષો જૂની માંગણીઓનો હકારાત્મક આપવામાં આવ્યો છે. આ નવા નિર્ણયોથી અંકલેશ્વર એસ્ટેટના વિવિધ કેટેગરીના ઉદ્યોગોને મોટી રાહત મળશે અને પર્યાવરણીય નિયમોનું પાલન સરળ બનશે.

ઔદ્યોગિક વિકાસની સાથે પર્યાવરણની જાળવણી સંતુલિત રહે તે હેતુથી વહીવટી તંત્ર અને જવાબદાર સત્તાધિકારીઓ દ્વારા લઘુ ઉદ્યોગ ભારતીની રજૂઆતોનો ખૂબ જ ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસના અંતે અંકલેશ્વર એસ્ટેટના દરેક પ્રકારના એકમો માટે ચાર અલગ-અલગ કેસ હેઠળ સ્પષ્ટ માર્ગદર્શિકા અને નિર્ણયો જાહેર કરવામાં આવ્યા છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે:

**૧: હાલના NCT ડિસ્ચાર્જિંગ યુનિટ્સ માટેની જોગવાઈઓ**

જે ઔદ્યોગિક એકમો હાલમાં નર્મદા ક્લીન ટેક (NCT) માં સીધું ડિસ્ચાર્જ કરી રહ્યા છે, તેમના માટે નીચે મુજબના નિર્ણયો લેવાયા છે:

(A ) માન્ય CCA (Consolidated Consent and Authorization) ધરાવતા હાલના તમામ ઉદ્યોગ એકમો જો CETP ના ઈનલેટ નોર્મ્સનું સંપૂર્ણ પાલન કરે, તો તેમને AWMA CETP અથવા ETL CETP માં પોતાનું એફલ્યુએન્ટ ડિસ્ચાર્જ કરવાની મંજૂરી આપવામાં આવશે. (B ) હાલની CCA હેઠળ મંજૂર થયેલી એફલ્યુએન્ટની માત્રામાં કોઈ પણ પ્રકારનો વધારો કરી શકાશે નહીં. તેમજ એફ્લ્યુએન્ટના જથ્થા કે ગુણવત્તામાં કોઈ ફેરફાર ન હોય તેવી શરતે કોઈપણ વધારાનો પ્રદૂષણ ભાર મંજૂર કરવામાં આવશે નહીં. (C ) અન્ય કોઈ પણ CETP સાથે જોડાણ કરતા પહેલા સંબંધિત ઉદ્યોગ એકમે NCTL (Narmada Clean Tech Ltd) ની સભ્યતા ફરજિયાતપણે સરેન્ડર કરવી પડશે. વસાહતમાં કોઈપણ એકમને ડ્યુઅલ ડિસ્ચાર્જ રાખવાની મંજૂરી બિલકુલ આપવામાં આવશે નહીં. (D) જો પ્રસ્તાવિત ફેરફાર માત્ર અન્ય CETP મારફતે એફ્લ્યુએન્ટને રીરાઉટ (માર્ગ બદલવા) કરવાનો જ હોય અને તેનો અંતિમ નિકાલ NCT FETP દ્વારા જ થવાનો હોય, તો તેવા કિસ્સામાં પર્યાવરણીય મંજૂરી (EC - Environmental Clearance) માં સુધારાની કોઈ આવશ્યકતા રહેશે નહીં. (E ) ઉદ્યોગો માટે પાલન પ્રક્રિયા સરળ બને તે હેતુથી CTE (Consent to Establish) અને CCA સુધારાની બંને અરજીઓ પર એકસાથે (Simultaneously) પ્રક્રિયા કરવામાં આવશે. (F ) જે ઉદ્યોગ એકમોએ ભૂતકાળમાં ડ્યુઅલ ડિસ્ચાર્જ પોલિસી (Dual Discharge Policy) હેઠળ મંજૂરી મેળવેલી છે, તેઓ આ પ્રકારના શિફ્ટિંગ અથવા ફેરફાર માટે પાત્ર ગણાશે નહીં.

**૨: હાલના ETL સભ્ય યુનિટ્સ માટેના નિયમો**

એન્વાયરો ટેક્નોલોજી લિમિટેડ (ETL) ના સભ્ય હોય તેવા એકમો માટે પણ વહીવટી પ્રક્રિયા સુધારવામાં આવી છે:

(A ) હાલની ઝઝછ મર્યાદા હેઠળ મંજૂર થયેલ એફ્લ્યુએન્ટની માત્રા અને નિયત CETP ઈનલેટ નોર્મ્સના પાલનની શરતોને આધીન રહીને જ ઉદ્યોગોને AWMA CETP અથવા ETL CETP માં ટ્રીટેડ એફ્લ્યુએન્ટ છોડવાની પરવાનગી મળશે. (B ) શિફ્ટિંગની પ્રક્રિયા હાથ ધરતા પહેલા ઉદ્યોગોએ પોતાની હાલની CETP સભ્યતા સરેન્ડર કરવાની રહેશે. આ કિસ્સામાં પણ ડ્યુઅલ ડિસ્ચાર્જ આઉટલેટ્સ સંપૂર્ણપણે પ્રતિબંધિત રહેશે. (C ) જો આ શિફ્ટિંગ માત્ર બે CETP વચ્ચેનું જ હોય અને અંતિમ નિકાલ અગાઉની જેમ જ NCT FETP ના માધ્યમથી થતો હોય, તો અલગથી ઈઝ સુધારાની જરૂર રહેશે નહીં.(D ) વહીવટી વિલંબ નિવારવા માટે CTE અને CCA સુધારાની અરજીઓ પર એકસાથે જ પ્રક્રિયા હાથ ધરાશે. (E ) કન્સેન્ટ (સંમતિ) ની માન્યતા અવધિ દરમિયાન ઉદ્યોગ એકમને CETP ડિસ્ચાર્જ મોડમાં ફેરફાર કરવાની તક સમગ્ર ગાળામાં માત્ર એક જ વખત આપવામાં આવશે.

**૩: ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ZLD) યુનિટ્સ માટે ખાસ પ્રોટોકોલ**

ZLD એકમોને CETP મોડ તરફ વળવા માટે ચોક્કસ અને કડક શરતો નક્કી કરવામાં આવી છે:

(A ) જો કોઈ ઉદ્યોગ ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ZLD) માંથી CETP તરફ એફ્લ્યુએન્ટ નિકાલ પદ્ધતિમાં ફેરફાર કરવા માંગતું હોય, તો તેના માટે એન્વાયરમેન્ટલ ક્લિયરન્સ (EC) માં સુધારો કરવો કાયદાકીય રીતે ફરજિયાત રહેશે. (B ) EC સુધારા અને તેને સંબંધિત CTE સુધારાની અરજી સબમિટ કર્યા બાદ, ડ્યુઅલ ડિસ્ચાર્જ પોલિસી હેઠળ આવતા એકમો સિવાયના સામાન્ય ZLD એકમોને મોટી રાહત અપાઈ છે. આ એકમોને CETP ઈનલેટ નોર્મ્સ મુજબનું 'Low-COD' એફ્લ્યુએન્ટ GPS સક્ષમ અને જીઓફેન્સ્ડ (Geofenced) ટેન્કરો દ્વારા વધુમાં વધુ ૬ મહિનાના સમયગાળા માટે અસ્થાયી ધોરણે ડિસ્ચાર્જ કરવાની મંજૂરી આપી શકાશે. (C ) સંબંધિત ઉદ્યોગે લેબોરેટરી રિપોર્ટ અને ટેકનિકલ ડેટા દ્વારા સાબિત કરવું પડશે કે તેમનો પ્રસ્તાવિત Low-COD એફ્લ્યુએન્ટ પ્રવાહ CETP ના ઈનલેટ માપદંડોને સુસંગત છે. (D ) સક્ષમ સત્તાધિકારી દ્વારા CCA સુધારાની અંતિમ મંજૂરી આપવામાં આવ્યા બાદ જ CETP સાથે સીધી પાઈપલાઈન કનેક્ટિવિટી મંજૂર કરવામાં આવશે. (E ) એકવાર ઉદ્યોગનો EC સુધારો મંજૂર થઈ જાય, ત્યાર પછી વહીવટી તંત્ર દ્વારા તેમની CCA સુધારાની અરજીઓનો નિકાલ 'Fast-Track' પ્રક્રિયા હેઠળ ત્વરિત ગતિએ કરવામાં આવશે. (F ) ઉદ્યોગોના 'High-COD' એફ્લ્યુએન્ટ પ્રવાહને CETP તરફ ડાયવર્ટ કરવાની બિલકુલ મંજૂરી મળશે નહીં. તેનું સંચાલન માત્ર કોમન MEE (Multi Effect Evaporator), કોમન સ્પ્રે ડ્રાયર (Common Spray Dryer) અથવા અન્ય માન્ય સ્થાપિત ZLD સુવિધાઓ દ્વારા જ કરવાનું રહેશે.

EIA નોટિફિકેશન પૂર્વેના એકમો: જે ઉદ્યોગોને કાયદાકીય રીતે ઈઝ ની જરૂર નથી અને જેમને EIA નોટિફિકેશન લાગુ પડ્યા પહેલા જ સંમતિ (Consent) પ્રાપ્ત થયેલી છે, તેઓને હાલની CCA મર્યાદામાં તેમજ CETP ઈનલેટ નોર્મ્સના પાલનની શરતે Low-COD પ્રવાહ CETP માં છોડવાની મંજૂરી અપાશે. આ કિસ્સામાં પણ CTE અને CCA સુધારાની અરજીઓ એકસાથે પ્રોસેસ થશે.

**૪: ડ્યુઅલ ડિસ્ચાર્જ પોલિસી (Dual Discharge Policy)**

હાલમાં વસાહતમાં જે ઉદ્યોગ એકમો ડ્યુઅલ ડિસ્ચાર્જ પોલિસી હેઠળ કાર્યરત છે, તેમને આ પ્રસ્તાવિત નવા નીતિગત માળખામાં સમાવવામાં આવ્યા નથી. ભવિષ્યમાં ડ્યુઅલ ડિસ્ચાર્જ પોલિસી અંગે કોઈપણ પ્રકારની પુનઃવિચારણા કે સુધારો કરવો હશે, તો તે NCT FETP અને વસાહતના અન્ય તમામ CETPs ના પર્યાવરણીય પાલનના પ્રદર્શન (Compliance Performance) ના આધારે 'CEPI Action Plan Committee' દ્વારા જ હાથ ધરવામાં આવશે.

**કોમન ટ્રીટમેન્ટ ફેસિલિટી સભ્યતા અંગે વહીવટી સરળીકરણ**

ઉદ્યોગોને પડતી વ્યવહારિક મુશ્કેલીઓ નિવારવા માટે વહીવટી સ્તરે સભ્યપદ પ્રક્રિયાનું સરળીકરણ કરવાનો મોટો નિર્ણય લેવાયો છે. પર્યાવરણીય મંજૂરી (EC) માં કોઈ ચોક્કસ ખાનગી કે વ્યક્તિગત સુવિધાઓના નામ દર્શાવવાના બદલે હવેથી “Common MEE” અને “Common Spray Dryer” જેવા સામાન્ય (Generic) શબ્દોનો સમાવેશ કરતો એક સંકલિત પરિપત્ર (Circular) ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે.

આ નવો પરિપત્ર હાલના પ્રચલિત 'Hazardous Waste Circular' ના મૉડલ પર આધારિત રહેશે. આ સુધારાથી ઉદ્યોગ કમિશનરેટ અને બોર્ડના અધિકારીઓ કોઈપણ વ્યક્તિગત ફેસિલિટીના નામનો ઉલ્લેખ કર્યા વિના જ આવી સામાન્ય સુવિધાઓ માટે મંજૂરી આપી શકશે, જેનાથી ટેકનિકલ સુધારાઓ વખતે ઉદ્યોગોને વારંવાર થતી હેરાનગતિ અને સમયનો બગાડ અટકશે.

**=> પર્યાવરણલક્ષી ફાયદાઓ**

આ કાર્યવહીના પરિણામે વાર્ષિક અંદાજે સવા ચાર લાખ (૪.૨૫) લાખ ટન $CO_2$ (કાર્બન ડાયોક્સાઈડ) ના ઉત્સર્જનમાં ઘટાડો થશે. આ ઘટાડો અંદાજે ૧ કરોડ ૯૩ લાખ (૧.૯૩ કરોડ) ઘટાદાર વૃક્ષો જેટલું $CO_2$ શોષી લે, તેટલા મોટા પાયે પર્યાવરણને શુદ્ધ રાખવાનું અને ગ્રીનહાઉસ અસરોને નાથવાનું કાર્ય ગણાશે. આ ઉપરાંત, પરિવહનની દ્રષ્ટિએ જોઈએ તો રોજની અંદાજે ૩૦૦ ટેન્કરોના ફેરા (ટ્રીપ) જેટલા મોટા ટ્રાફિક અને તેમાં વપરાતા ઈંધણની સીધી બચત થશે, જે પ્રદૂષણ ઘટાડવામાં વધુ એક મોટું યોગદાન આપશે. આ કાર્યવાહીથી આર્થિક જ નહીં પરંતુ પર્યાવરણીય ક્ષેત્રે પણ મોટી રાહત મળશે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા અંકલેશ્વરના કેમિકલ ઉદ્યોગો માટે 'Inter-CETP Effluent Transfer' અંગે ખૂબ અગત્યનો અને અસરકારક નિર્ણય લેવાયો છે. લઘુ ઉદ્યોગ ભારતી (ભરૂચ)ની રજૂઆત બાદ લેવાયેલા આ નિર્ણયથી ઉદ્યોગો નિર્ધારિત શરતો સાથે અન્ય CETPમાં એફલુઅન્ટ ટ્રાન્સફર કરી શકશે. આનાથી ઉદ્યોગોની કાર્યક્ષમતા વધશે અને ખર્ચ ઘટશે. અત્યારે મંદીના સમયમાં આ નિર્ણય આશાના કિરણ સમાન પુરવાર થશે.

આ સમગ્ર પ્રક્રિયામાં લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય પૂર્વ અધ્યક્ષ ડો.બળદેવભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કમલેશ ગામી, રમેશભાઈ ચોડવડિયા, વાલમજી દેસાઈ, વિશિત પટેલ, કિશોર કાછડિયા અને જીતેશ પટેલ સહિતના આગેવાનોના સતત પ્રયત્નો અને રજૂઆતોના પરિણામે આ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.


**Bureau Veritas India Pvt. Ltd.**
Reliable | Accurate | Compliant with Standards
Kumar Padharia
+91 903 348 8969

Our Specialized Services:
- DISH Approved Structural Stability Certification
- Fire-Damaged Structure Assessment
- Structural Audit (RCC & Steel Plants) – As per Factory Act
- Repair, Rehabilitation & Restoration Solutions
- Stability Assessment – Crane, EOT, Warehouse, etc.
- NDT Testing | Geotechnical Investigation | Pile Testing



Contact us for Expert Inspection, Testing & Certification Services.
Vadodara | Bharuch
E-mail: kumar.padharia@bureauveritas.com | kumarpdhr88@gmail.com

**OMKAR COMPOSITES PVT. LTD.**
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS



Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687

**SHIVAM INDUSTRY**
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal
+91 982 515 2797



Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator

Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

**JESTAR INSTRUMENT ENGINEERS**
+91 9426129718
+91 9428588901



- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work

Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL, LA
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

## તંત્રીલેખ

# ફલેક્સ ફ્યૂઅલ

દેશનું આર્થિક તંત્ર ઓઈલ પર આધારીત બની ગયું છે. ઓઈલ હવે ભારતના આર્થિક તંત્રનું કરોડરજ્જૂ બની ગયું છે. અખાતી યુધ્ધના પગલે ઓઈલ સપ્લાયના ધાંધીયા અને વધતા ભાવોના પગલે ભારતનું અર્થતંત્ર વારંવાર ગૂંગળામણ અનુભવતું હતું. ભારતે ઈલેકટ્રીક વ્હીકલના વપરાશને પ્રોત્સાહન આપવાના અનેક પગલાં લીધા છે. લોકો પણ ઈવી વ્હીકલ ખરીદતા થયા છે. જેના કારણે પેટ્રોલ-ડિઝલનો વપરાશ ઘટશે.જોકે પેટ્રોલ ડિઝલનો સીધો વપરાશ ઘટાડવાના એક ભાગ રૂપે ઈથેનોલના વપરાશ શરૂ કરવા વિચારાયું છે. જેને ફલેક્સ ફ્યૂઅલ વ્હીકલ કહે છે.એટલેકે ઈથેનોલ પર ચાલતા વ્હીકલ.મારૂતિએ તાજેતરમાં ફલેક્સ ફ્યૂઅલ વ્હીકલ તરીકે વેગન આરનું મોડલ તૈયાર કર્યું છે. એવીજ રીતે હીરોએ પણ ફલેકસ ફ્યૂઅલ હેઠળ એચએફ ડિલ્ક્સ અને સ્પેલન્ડર પ્લસ બજારમાં મુક્યા છે. ટાટા મોટર્સ પણ આગામી વર્ષની શરૂઆતમાં ફલેક્સ ફ્યૂઅલ વ્હીકલ બજારમાં મુકશે.આ વ્હીકલ ઈથેનોલ પર ચાલશે. જે લાંબે ગાળે ઓઈલની આયાત ઘટાડી શકે છે. ભારત કોઈ પણ હિસાબે ઓઈલની આયાત ઘટાડવા માંગે છે. ફલેક્સ ફ્યૂઅલ સિસ્ટમ વહારે આવી શકે છે. ફલેક્સ ફ્યુઅલ આધારીત પહેલું વ્હીકલ મારૂતિ અને હિરો મોટર કોર્પોરેશને બનાવ્યું છે.વિશ્વ પ્રર્યાવરણ દિવસે ભારતે ઈ૮૫ (એટલે ૮૦થી ૮૫ ટકા ઈથેનાલ મિશ્રીત પેટ્રોલ ) ફ્યૂઅલની શરૂઆત કરીને ફલેક્સ ફ્યૂઅલ મોબિલીટી પર ભાર મુક્યો હોવાનું દેખાઈ આવે છે. ઈન્ડિયન ઓઈલ,બીપીસીએલ અને એચપીસીએલ પણ દિલ્હી-એનસીઆર, મુંબઈ, પૂણે અને નાગપુરમાં તબક્કાવાર ઈ૮૫ મળી રહે તેવી વ્યવસ્થા કરશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને કહ્યું છે કે શરૂઆતના તબક્કામાં દિલ્હી-એનસીઆર, મુંબઈ અને પૂણે તેમજ નાગપુરમાં ફલેક્સ ફ્યૂઅલ વ્હીકલના ઉપયોગમાં લઈ શકાય એવું ઈ૮૫ પચાસ જેટલા પેટ્રોલ પંપો પર મળી રહે તેવું કરાઈ રહ્યું છે.વિશ્વ પર્યાવરણ દિવસ પર ઈ૮૫ બજાર માં મુકીને સરકારે વિશ્વનું તેમજ પર્યાવરણ પ્રેમીઓનું ધ્યાન ખેંચવા પ્રયાસ કર્યો છે. ભારત ઈથેનોલનો વપરાશ વધારીને ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવા માંગે છે. ઈ૮૫માં ૮૦થી ૮૫ ટકા ઈથેનોલ અને ૧૫થી ૨૦ ટકા પેટ્રોલ હોય છે.પેટ્રોલ અને ડિઝલ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા મથતા ભારતે તે દિશામાં ઈ૮૫ દ્વારા કદમ માંડયા છે. જેના કારણે બાયો ફ્યૂઅલ ઈકો સિસ્ટમને મજબૂત બનાવી શકાશે. કિસાનો અને ઉદ્યોગોને સસ્તું ઈંધણ પણ મળી શકશે.

# સૌર ઊર્જા એનર્જી ક્ષેત્રે ભારતની મોટી આશા છે



પૃથ્વી પર પડતો સૂર્યપ્રકાશ અને તેમાં રહેલી ગરમીને સૌર ઊર્જા કહેવામાં આવે છે. પૃથ્વી પર ઉપલબ્ધ ઊર્જા સ્ત્રોતોમાં સૌર ઊર્જા એકમાત્ર એવો સ્ત્રોત છે, જે અન્ય ઊર્જા સ્ત્રોતોની તુલનામાં અત્યંત વિશાળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. સૂર્યમાંથી પૃથ્વી પર વિશાળ માત્રામાં ઊર્જા પહોંચે છે અને તેનો ઉપયોગ વીજળી ઉત્પન્ન કરવા માટે પણ કરવામાં આવે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે માનવે એવી તકનીક વિકસાવી છે કે જેના દ્વારા સૂર્યના કિરણોમાંથી ઉત્પન્ન થતી ઉર્જાને વીજળીમાં રૂપાંતરિત કરી શકાય છે.

સૂર્યની ઉર્જા મનુષ્યના શરીર માટે પણ એટલીજ ઉપયોગી છે. મનુષ્ય લાંબા સમય સુધી સૂર્યના પ્રકાશથી દૂર રહે તો તેનું શરીર ફિક્કું પડી જાય છે અને અનેક રોગોનું ભોગ બને છે.

દર વર્ષે સૂર્યમાંથી પૃથ્વી પર પહોંચતી ઊર્જાની માત્રા પૃથ્વી પર ઉપલબ્ધ કોલસો, તેલ, ગેસ વગેરે તમામ પરંપરાગત ઊર્જા સ્ત્રોતોની કુલ માત્રા કરતાં લગભગ ૧૩૦ ગણી વધારે છે.

વિશ્વભરમાં સૌર ઊર્જાનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે, કારણ કે લોકો પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે વધુ જાગૃત બની રહ્યા છે અને પરંપરાગત ઊર્જા સ્ત્રોતોથી ઉત્પન્ન થતી વીજળીનો ખર્ચ પણ વધુ છે. કોઈપણ દેશ જો વિકસિત રાષ્ટ્ર બનવા માંગતો હોય તો તેના માટે પૂરતા પ્રમાણમાં ઊર્જા ઉપલબ્ધ હોવી અત્યંત જરૂરી છે. આવા સંજોગોમાં સૌર ઊર્જાનો વધુમાં વધુ અને અસરકારક ઉપયોગ કરનાર દેશ વિકાસની દિશામાં એક પગથિયુ આગળ વધી શકે છે.

સૌર ઊર્જાને વીજળીમાં પરિવર્તિત કરવા માટે સોલાર પેનલનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં ફોટોવોલ્ટેઈક સેલ્સ લાગેલા હોય છે, જે સૂર્યપ્રકાશને વીજળીમાં રૂપાંતરિત કરે છે.

સરકારે સૌર ઉર્જાને ખુબ પ્રોત્સાહિત કરી છે. વડાપ્રધાનની સૂર્યઘર મફત વીજળી યોજનાનો ખુબ મોટા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહ્યો છે. ગુજરાત સૌર ઉર્જા બાબતમાં બીજા રાજ્યો કરતા આગળ છે. તાજેતરમાં રાજ્યસરકારે એક ડ્રાફ્ટ બહાર પાડીને એક જગ્યાએ લગાવેલ સોલાર પેનલની સૌર ઉર્જાનો લાભ બીજી જગ્યાએ પણ મેળવી શકાય તેવી યોજના બનાવી છે. તેનાથી સૌર ઉર્જાનો લાભ લેનારને વધારે ફાયદો થશે. ક્રૂડ ઓઈલના વધતા ભાવ પણ લોકોને સૌર ઉર્જા તરફ આકર્ષી રહ્યા છે. ઈલેક્ટ્રીક વાહનોની સંખ્યા વધી રહી છે.

સૌર ઊર્જા એ એવી ઊર્જા છે જે સીધી સૂર્યમાંથી પ્રાપ્ત થાય છે. વૃક્ષો, છોડ, પ્રાણીઓ અને આબોહવા પ્રણાલીઓ દ્વારા તેનો વિવિધ સ્તરે ઉપયોગ થતો રહ્યો છે, પરંતુ આજકાલ સૌર ઊર્જાથી વીજળી ઉત્પન્ન કરવાનો ઉપયોગ ખૂબ વધ્યો છે. તેના માટે સોલાર પેનલનો ઉપયોગ કરવામાં આવે છે.

સોલાર પેનલ એ એક એવું ઉપકરણ છે જે સૂર્યના કિરણોને વીજળીમાં પરિવર્તિત કરે છે. સૂર્યના કિરણોમાં રહેલા કણોને ફોટોન કહેવામાં આવે છે. આ ફોટોનને ઉષ્મા અથવા વીજળીમાં પરિવર્તિત કરવા માટે સોલાર પેનલનો ઉપયોગ થાય છે.

સોલાર પેનલમાં ફોટોવોલ્ટેઈક સેલ્સ હોય છે, જે મુખ્યત્વે સિલિકોનથી બનેલા હોય છે. જ્યારે સૂર્યપ્રકાશ આ સેલ્સ પર પડે છે ત્યારે ફોટોનની ઊર્જા શોષાઈ જાય છે અને ઈલેક્ટ્રોન સક્રિય બની જાય છે. આ ઊર્જા સમગ્ર પેનલમાં વહેતી થાય છે અને પરિણામે વીજળીનું ઉત્પાદન થાય છે.

સોલાર પેનલનો સૌથી મોટો લાભ એ છે કે તે પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વગર વીજળી ઉત્પન્ન કરે છે. સોલાર ઊર્જાથી વીજળી ઉત્પન્ન કરતી વખતે કોઈ ઝેરી વાયુઓનું ઉત્સર્જન થતું નથી, ધ્વનિ પ્રદૂષણ થતું નથી અને વાયુ પ્રદૂષણ પણ સર્જાતું નથી. આથી આ ઉર્જા નિર્દોષ અને આડઅસર વગરની છે.

ભારત સૌર ઊર્જા સંસાધનોથી સમૃદ્ધ દેશ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે સૌર ઊર્જાના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ પ્રયાસોના ભાગરૂપે મધ્યપ્રદેશના રીવા ખાતે સ્થાપિત ૭૫૦ મેગાવોટ ક્ષમતાવાળી "રીવા સૌર યોજના" રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી હતી. આ દેશની પ્રથમ એવી સૌર યોજના હતી જેણે "ગ્રિડ પેરિટી બેરિયર"ને તોડી હતી. આ યોજના દર વર્ષે અંદાજે ૧૫ લાખ ટન કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$) ઉત્સર્જન ઘટાડવામાં સહાયક બનશે.

ભારત એક ઉષ્ણકટિબંધીય દેશ છે. તેથી અહીં વર્ષભર સૂર્યપ્રકાશ અને સૌર વિકિરણ ઉપલબ્ધ રહે છે. દેશમાં સરેરાશ લગભગ ૩૦૦૦ કલાક જેટલો સૂર્યપ્રકાશ પ્રાપ્ત થાય છે. ભારત સરકારે વર્ષ ૨૦૨૨ સુધી ૧૭૫ ગીગાવોટ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો, જેમાં ૧૦૦ ગીગાવોટ સૌર ઊર્જાનો સમાવેશ થાય છે.

સૌર ઊર્જા ઉત્પાદન ક્ષેત્રે રૂફટોપ સોલાર સિસ્ટમો અને સોલાર પાર્કોનું મહત્વનું યોગદાન છે. સરકારનો હેતુ દેશમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં નવીનીકરણીય ઊર્જાનો હિસ્સો સતત વધારવાનો છે. જો ભારતમાં સૌર ઊર્જાનો વ્યાપક ઉપયોગ વધારવામાં આવશે તો તે દેશના જીડીપી વિકાસમાં યોગદાન આપશે અને ભારતને વૈશ્વિક શક્તિ તરીકે ઉભરવામાં મદદરૂપ બનશે.

સૌર ઊર્જા ક્ષેત્રની પડકારોમાં મુખ્યત્વે ૧) સોલાર પેનલ સ્થાપિત કરવા માટે પૂરતી જમીનની અછતનો પ્રશ્ન છે. ખાસ કરીને શહેરોમાં લોકો ફ્લેટમાં રહે છે. સોલાર પેનલ નાખવી છે પરંતુ તે માટે જગ્યાનો અભાવ છે. ૨) કુશળ માનવ સંસાધનોનો અભાવ. ૩) ભારતમાં ઉત્પાદિત સોલાર સેલ્સની કાર્યક્ષમતા હજુ પણ કેટલીક આયાતી સેલ્સ કરતાં ઓછી છે. જેને લઈને ભારે મુશ્કેલી છે. સરકાર ઘરેલુ સેલ્સ માટે આગ્રહ કરી રહી છે પરંતુ તેની કાર્યક્ષમતા ઓછી છે. ૪) વિવિધ નીતિઓ અને નિયમો હોવા છતાં સોલાર પેનલ સ્થાપનાનો ખર્ચ હજુ પણ ઊંચો છે. ૫) રહેણાંક મકાનોની છત પર સોલાર પેનલ લગાવવા માટે આવતો ભારે ખર્ચ એક મોટો અવરોધ છે.

આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (International Solar Alliance - ISA)

આ ગઠબંધન સૌર ઊર્જા સમૃદ્ધ દેશોનું સંધિ આધારિત આંતર-સરકારી સંગઠન છે. ISA ની સ્થાપનાનો પ્રસ્તાવ ભારતે મૂક્યો હતો અને ૩૦ નવેમ્બર, ૨૦૧૫ના રોજ પેરિસમાં યોજાયેલ સંયુક્ત રાષ્ટ્ર જલવાયુ પરિષદ દરમિયાન ભારત અને ફ્રાન્સ દ્વારા તેની શરૂઆત કરવામાં આવી હતી. કર્કવૃત્ત અને મકરવૃત્ત વચ્ચે આવેલા ૧૨૨ જેટલા સૌર સંસાધન સમૃદ્ધ દેશોને આ ગઠબંધન સાથે જોડવાનો હેતુ છે. તેનું મુખ્યાલય ગુરુગ્રામ (હરિયાણા) ખાતે આવેલું છે. ISA નો મુખ્ય હેતુ વર્ષ ૨૦૩૦ સુધી નવીનીકરણીય ઊર્જા, ઊર્જા કાર્યક્ષમતા અને સ્વચ્છ ઊર્જા ટેકનોલોજીના વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવાનો તથા સ્વચ્છ ઊર્જા ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપવાનો છે. તેના મહત્વના લક્ષ્યોમાં વિશ્વભરમાં ૧૦૦૦ ગીગાવોટથી વધુ સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતા વિકસાવવાનો સમાવેશ થાય છે.

ભારતમાં છેલ્લા એક દાયકામાં વધતી વસ્તી, આધુનિક સુવિધાઓ સુધી પહોંચ, ઝડપી વિદ્યુતીકરણ અને આર્થિક વિકાસને કારણે ઊર્જાની માંગમાં સતત વધારો થયો છે. આ વધતી માંગને પરંપરાગત ઊર્જા સ્ત્રોતોની જગ્યાએ સૌર ઊર્જા દ્વારા વધુ સરળતાથી અને ટકાઉ રીતે પૂર્ણ કરી શકાય છે.

દેશની ઊર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે માત્ર મજબૂત માળખાકીય સુવિધાઓ જ નહીં, પરંતુ ઊર્જાના નવા અને સ્વચ્છ સ્ત્રોતોની શોધ પણ જરૂરી છે. આવા સંજોગોમાં સૌર ઊર્જા ક્ષેત્ર દેશની ઊર્જા ઉત્પાદન અને માંગ વચ્ચે વધતી જતી ખાઈને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે. સૌર ઊર્જા એક સ્વચ્છ અને અક્ષય ઊર્જા છે. તેનો વધુમાં વધુ ઉપયોગ ભારતને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવામાં મદદ કરશે અને દેશના સર્વાંગી વિકાસ માટે નવા માર્ગો ખોલશે.

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સિલોક્સ ઈન્ડિયા દ્વારા 25000 વૃક્ષોના મિયાવાકી વનીકરણ પ્રોજેક્ટની શરૂઆત



વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે સિલોક્સ ઈન્ડિયા પ્રા. લિ. દ્વારા વડોદરા ખાતે ૨૫,૦૦૦ વૃક્ષોના મિયાવાકી વનીકરણ પ્રોજેક્ટની આજે સત્તાવાર શરૂઆત કરવામાં આવી હતી. આ અંતર્ગત આગામી દિવસોમાં ૨૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

પ્રોજેક્ટના પ્રારંભ પ્રસંગે સિલોક્સ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર પ્રકાશ રમણ, C.H.R.O. અને Head Sustainability રાજેશ વૈદ્ય, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ રમાકાંત સાહુ તથા કંપનીના અન્ય વરિષ્ઠ અધિકારીઓએ વૃક્ષારોપણ કરીને આ મહત્ત્વાકાંક્ષી પર્યાવરણલક્ષી પહેલનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે દેવ ફાઉન્ડેશનના પ્રમુખશ્રી તેમજ શ્રી વડોદરા પાંજરાપોળ સંસ્થા, દરજીપુરાના ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રોજેક્ટનું અમલીકરણ દેવ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. પ્રોજેક્ટ માટેની જમીનનો સહયોગ તથા જમીનની માલિકી શ્રી વડોદરા પાંજરાપોળ સંસ્થા, દરજીપુરા પાસે છે, જેમના સહયોગથી આ વનીકરણ પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યો છે.

આ વનીકરણ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ પર્યાવરણ સંરક્ષણ, હરિયાળીનું સંવર્ધન, જૈવ વૈવિધ્યતામાં વધારો અને ભાવિ પેઢી માટે સ્વચ્છ તથા હરિયાળું પર્યાવરણ ઊભું કરવાનો છે.

## અંકલેશ્વરમાં 'વરસાદી વાયરા' કવિ સંમેલન યોજાયુ





સાહિત્ય ફોરમ, અંકલેશ્વર દ્વારા આયોજિત 'વરસાદી વાયરા' કવિ સંમેલન સાહિત્યપ્રેમીઓની ઉપસ્થિતિમાં ઉત્સાહભેર યોજાયુ હતુ. કાર્યક્રમમાં અંકલેશ્વરના ગુજરાતી તેમજ હિન્દી ભાષી કવિઓએ વરસાદના આગમનને આવકારતી પોતાની મૌલિક કૃતિઓનું ભાવસભર પઠન કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

કવિઓએ વરસાદ સાથે જોડાયેલી પ્રકૃતિની રમણીયતા, માનવ સંવેદનાઓ, પ્રેમ, વિરહ અને જીવનના વિવિધ રંગોને પોતાની રચનાઓમાં અભિવ્યક્ત કરી અનોખુ સાહિત્યિક વાતાવરણ સર્જ્યું હતુ. ઉપસ્થિત સાહિત્યરસિકોએ કાવ્યપઠનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધુ હતુ.

આ પ્રસંગે સાહિત્ય ફોરમની સાહિત્યિક પત્રિકા 'સર્જન'નું વિધિવત્ વિમોચન પણ કરવામાં આવ્યુ હતુ. પત્રિકામાં સ્થાનિક સર્જકોની વિવિધ સાહિત્યિક કૃતિઓને સ્થાન આપવામાં આવ્યુ હતુ.

કાર્યક્રમમાં અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ઉદ્યોગ અગ્રણીઓ મનસુખ વેકરિયા, મનોજ આનંદપુરા, આર. ડી. મહેતા તથા રાજેશ દુધાતે વિશેષ હાજરી આપી કવિઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ કવિ સંમેલનમાં અંકલેશ્વરના કવિઓ હેમાક્ષી શાહ,ઊર્મિલ પંડ્યા,ભાવના શાહ,રાજેન્દ્ર મહેરા,સંજય પાંડે,દેવાનંદ જાદવ,દક્ષા આહિર,મનીષા દુધાત,મધુ ગૌડ તેમજ પ્રકાશ લાડે રચનાઓ રજુ કરી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ભદ્રેશ પટેલે કર્યું હતુ. 'વરસાદી વાયરાં' કવિ સંમેલને અંકલેશ્વરના સાહિત્યિક જીવનમાં એક યાદગાર પ્રકરણ ઉમેર્યું હોવાનુ ઉપસ્થિતોએ જણાવ્યુ હતુ.

**ગુજરાતી અને હિન્દી કવિઓએ મૌલિક કૃતિઓથી વરસાદના આગમનને વધાવ્યુ, 'સર્જન' સાહિત્યિક પત્રિકાનું વિમોચન**

## ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૦૨૫-૨૬ ની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ ગઈ





ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૦૨૫-૨૬ ની વાર્ષિક સામાન્ય સભા ૧૨ મી જૂને જેઆઈએ કોન્ફરન્સ હોલ ખાતે યોજાઈ ગઈ. જેમાં મોટી સંખ્યામાં ઉદ્યોગકારો અને ઉદ્યોગ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રેસિડેન્ટ અશોક પંજવાણીએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે ઝગડીયા એસ્ટેટની સ્થાપના સમયથી તેની સાથે છું. પહેલા ત્રણ-ચાર કંપનીઓ હતી. રોડ ન હતા, ચાલતા કે ઘોડાગાડીમાં આવતા હતા. પાણીની લાઈન ન હતી- બોરવેલનો ઉપયોગ કરતા હતા.

ટેલિફોન ન હતા. આગ લાગે તે અકસ્માત થાય તો કોઈ ઝડપી સુવિધા ન હતી. સ્થાનિક ક્ષેત્રે પણ ઘણા પ્રશ્નો હતા. ધીરે ધીરે બધું ઈન્ફ્રાસ્ટ્રચર ઉભું કરવામાં આવ્યું. સ્વ. નરેન્દ્ર ભટ્ટ આસપાસના ગામના આગેવાનો અને સરકારી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને સ્થાનિક પ્રશ્નોનું સમાધાન કરતા રહેતા. તેમનું યોગદાન સારાહનીય હતું. ઈન્ડસ્ટ્રીઝે ભેગા થઈને સરકારની મદદથી રોડ બનાવ્યા. ધીરે ધરે ઈન્ફ્રાસ્ટ્રચર વિકસાવ્યું. આજે આપણે આટલી સરસ આધુનિક સુવિધાઓથી સજ્જ ઓફિસ બિલ્ડિંગમાં બેસીને મિટિંગ કરી શકીએ છીએ.

તેમણે માહિતી અપાતા જણાવ્યું હતું કે અંકલેશ્વરની જેમ આપણે DPMC (ડિઝાસ્ટર પ્રીવેન્શન એન્ડ મેનેજમેન્ટ સેન્ટર) બનાવવાનું છે. તે માટેની ૧૦૦ ટકા ગ્રાન્ટ મંજુર થઈ ગઈ છે. તેનું ખાતમુહત કરી દેવામાં આવ્યું છે. ટૂંક સમયમાં તેનું કામ ચાલુ થઈ જશે. અત્યારે એસ્ટેટમાં કોઈ અકસ્માત થાય તો આપણે અંકલેશ્વર જવું પડે છે. આવા સમયે સમય ખુબ અગત્યનો હોય છે. તેથી આપણે ત્યાં એક હોસ્પિટલ બનાવવા જઈરહ્યા છીએ. તેનો અંદાજિત ખર્ચ ૩૫ કરોડ રૂપિયા છે. તે કંપનીઓના સીએસઆર ફંડમાંથી મેળવવામાં આવશે તેવી અપેક્ષા છે. આગામી સમયમાં તેનો પ્લોટ નોટિફાઈડના નામેથી એસોસિએશનના નામે ટ્રાન્સફર કરવાનો છે. અત્યારે જેઆઈએ મેડિકલ સેન્ટર કાર્યરત છે પરંતુ તેની કેટલીક મર્યાદાઓ છે.

પાણીની ક્ષમતા વધારવા માટેનો અને નવી પાઈપલાઈન નાખવાનો ૩૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ માટેની કાર્યવાહી ચાલુ છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી સતત ફોલોઅપ લેવાઈ રહ્યું છે. ૧૯૯૭ માં 77 MLD નો પ્રોજેક્ટ ક્ષમતા 55 MLD રહી ગઈ છે. પાઈપલાઈનો ખુબ જૂની થઈ ગઈ છે. એસ્ટેટની ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ૧૨૦સ્ન્ઢ ક્ષમતા કરવાની છે. પ્રથમ ફેઝ માટે રાજ્ય સરકાર તરફથી ૮૦ કરોડરૂપિયાની ગ્રાન્ટ મંજુર થઈ છે. જે આપણા માટે ખુબ સારી વાત છે.

NCTL ની પાઈપલાઈન વારંવાર લિકેજ થતા ૩૦ કિલોમીટર મેટાલિક પાઈપલાઈન નાખવાનું કાર્ય ઉપાડ્યું હતું તે લગભગ પૂર્ણ થઈ ગયું છે. જેથી લીકેજના પ્રશ્નો નિવારી શકાશે.

જી આ ઈ ડી સી એ નોટીફાઈડને સોલિડ વેસ્ટ વ્યવસ્થાપન માટે પ્લોટ ફાળવી આપ્યો છે. કંપનીઓએ તેમનો સોલિડ વેસ્ટમાં તેમજ કીચન વેસ્ટ અલગ પાડીને આપવાનો રહેશે. જેથી તેનો સારી રીતે નિકાલ કરી શકાય.

ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનમાં લાંબો સમય સેવા આપનાર સ્વ. નરેન્દ્ર ભટ્ટને યાદ કરી તેમના માટે બે મિનિટનું મૌન પાડવામાં આવ્યું હતું. તેઓ આસપાસના ગામના લોકો, આગેવાનો અને સરકારી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને પ્રશ્નો ઉકેલીતા જેથી આસપાસના ગામોમાં અને એસ્ટેટમાં લોકપ્રિય હતા.

એએસપી અજયકુમાર મીનાએ જણાવ્યું હતું કે એસ્ટેટમાં બનતી કોઈપણ ઘટના વિષે પોલીસને સમયસર જાણ કરાવી જોઈએ. જેથી તેને વ્યવસ્થિત રીતે હેન્ડલ કરી શકાય અને ઈન્ડસ્ટ્રીઝે નાહકની મુશ્કેલીઓનો સામનો ના કરવો પડે. જેઆઈએ દ્વારા સેફ્ટી અને એન્વાયરમેન્ટમાં એસ્ટેટમાં જાગૃતિ લાવવા માટે "મિશન ઝીરો " કાર્યરત કરાયું છે. જેમાં મંગેશ વિશ્વકર્મા ની અધ્યક્ષતામાં ૧૨ જણાની ટીમ બનાવવામાં આવી છે. તે જાગૃતિ તેમજ અન્ય કર્યો દ્વારા એસ્ટેટમાં અકસ્માતોનું પ્રમાણ નગણ્ય થાય તેમજ પર્યાવરણ માટે પણ કાર્ય કરશે.

ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૫-૨૬ નોવાર્ષિક રિપોર્ટ અને ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં ઝગડીએ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા અને વિવિધ કંપનીઓ દ્વારા વર્ષ દરમ્યાન કરેલ સીએસઆર કાર્યોની વિગતવાર માહિતી છે.

જેઆઈએ ટ્રેઝરર બી. એમ. પટેલે સંથાનો વાર્ષિક અહેવાલ વિગતવાર રજુ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી સુનિલ શારદાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ રાજેશ નાહટા તેમજ કમિટી સભ્યો અને ઉદ્યોગકારો અને પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખોડલધામ રથ પરિભ્રમણ કાર્યક્રમ અંકલેશ્વર એસ્ટેટ રહેણાંક વિસ્તારમાં યોજાઈ ગયો



ખોડલધામ કાગવડ મંદિર પ્રાણપતિષઠાને જાન્યુઆરી ૨૦૨૭ મા ૧૦ વર્ષ પૂર્ણ થાય છે એ ઉત્સવને ખોડલધામ ટૃસટ કાગવડ દ્વારા ૧૯ જાન્યુઆરી ૧૦૦૮ હવન યજ્ઞ અને મહા ડાયરા નું આયોજન છે. ૨૦ જાન્યુઆરીએ ૧૦૦૮ હવન યજ્ઞ અને મહારાસનું આયોજન છે. તેમજ ૨૧ જાન્યુઆરી પ્રાણપતિષઠાના દસ વર્ષ નિમિત્ત ૧૦૦૮ હવન યજ્ઞ પુર્ણ મહા આરતી અને મહા સભાનુ ભવ્ય આયોજન કરેલ છે જેમા ખોડલધામ ટ્રસ્ટ કાગવડ ચેરમેન આદરણીય નરેશભાઈ પટેલ દ્વારા લેઉઆ પાટીદાર સમાજ જોગ સંદેશ આપશે

આ ખોડલધામ દશાબ્દી મહોસ્તવનુ ખોડલધામના વિઝન મુજબ આમંત્રણ આપવા માં ભગવતી જગત જનની ખોડલ સ્વયં લેઉઆ પાટીદાર સમાજ ના દરેક શહેર/ ગામ મા ખોડલધામ રથ પર સવાર થઈ ને પરિભ્રમણ કરી રહેલ છે

જે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા ખોડલધામ રથ પરિભ્રમણ માટે ૩ રથ જોતરવામાં આવ્યા છે. જેમાં ઉતર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાથી, મધ્ય ગુજરાત ના દાહોદ જિલ્લાથી અને દક્ષિણ ગુજરાત ઝોનના વાપી-વલસાડ થી પ્રારંભ કરેલ છે. જે ખોડલધામ રથ રાજકોટ ખોડલધામ થી ૨૩ મે થી પ્રસ્થાન થયેલ જેને ખોડલધામ ટ્રસ્ટ કાગવડ ચેરમેન આદરણીય નરેશભાઈ પટેલ અનેટ્રસ્ટીઓ સમાજ ના આગેવાનોએ ઉત્સાહ ભેર પ્રારંભ કરાવેલ હતો.

ખોડલધામ ના ૩ રથ પરિભ્રમણ ગુજરાતના દરેક જિલ્લાઓ તાલુકાઓના ૩૫૦૦ થી વધુ ગામોમા પરિભ્રમણ કાર્યક્રમ યોજાઈ રહેલ છે.

જેના ભાગ રૂપે ખોડલધામ દક્ષિણ ગુજરાત ઝોનના ૨૪ તારીખથી ખોડલધામ રથ વાપી-વલસાડ થી પ્રારંભ કરેલ જે વાપીવલસાડ તેમજ જિલ્લા નવસારી જિલ્લા, તાપી જિલ્લા માંડવી તાલુકા નર્મદા જિલ્લાનાસ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત સમાજના ગામો મા ખોડલધામ રથ ના ઉમંગ ભેર વધામણા આરતીઓ સામૈયા થઈ રહેલ છે.

જેના ભાગ રૂપે ભરૂચ જિલ્લા ના અંકલેશ્વર જી આઈ ડી સી મા ૬ જુન અને ૭ જુન ના ખોડલધામ રથ નુ આગમન થયેલ જેમા ૬ જુન સવાર ગોવર્ધન નાથજી હવેલી પર અનિરુદ્ધ બાવાશ્રી અને ખોડલધામ ટ્રસ્ટ કાગવડ ટ્રસ્ટીઓ વિવિધ ધાર્મિક સામાજિક સહકારી સંસ્થાઓ ખોડલધામ પરિવારની હાજરી મા ખોડલ ની આરતી કરી ને પ્રારંભ કરાવેલ જે અંકલેશ્વર જી આઈ ડી સી ના માનવ મંદિર, શુભ લક્ષ્મી, અલકાપુરી, નવજીવન, પશુપતી મંદિર, સ્વપ્નલોક, સરદાર પટેલ, સો સ્વામીનારાયણ મંદિર, સોમેશ્વર મંદિર, સરદાર પાર્ક સહિત બપોર સુધી આરતી રાસોત્સવ રથ ના વધામણા સમાજ ના ભાઈ ઓ બહેનોએ ઉત્સાહ ભેર ભાગ લીધેલ હતો.

બપોર બાદ જલધારા, વિવેકાનંદ, સાવન ચોકડી, પારસમણી, નિયમ ચોકડી, શ્રીમદ કમલમ, ગોલ્ડન પોઈન્ટ, સીટી સેન્ટર, શ્રમિક સો, કિષના પાર્ક, જી આઈ એલ પાછળ આમ અનેક જગ્યાએ આરતી વધામણા ખોડલધામ રથ ના કાર્યક્રમ યોજાયા

૭ જુન રવિવાર ના ખોડલધામ રથ વાલીયા રોડ ગાર્ડન સીટી સહિત અનેક સ્થળોએ ખોડલધામ રથ ના ભવ્ય સામૈયા વધામણા આરતી મહારાસ કાર્યક્રમ યોજાયા જેમા ખોડલધામ ના પરીવાર ખોડલધામ ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓ સમાજ ના આગેવાનો ભાઈ ઓ બહેનોએ મોટી સંખ્યામા જોડાયા હતા.











ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ ના મેનેજીંગ કમિટીના સભ્યો માટેની ચૂંટણી ૩૦ મી જૂને યોજાશે



અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ ના મેનેજીંગ કમિટીના સભ્યો માટેની ચૂંટણીના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૬ જૂન હતી. ત્યાં સુધીમાં જનરલ કેટેગરીમાં ૮ સ્થાન માટે ૪૫ ફોર્મ ભરાયા હતા. જયારે રિઝર્વ કેટેગરીમાં એક સ્થાન માટે ત્રણ ફોર્મ ભરાયા છે. જયારે કોર્પોરેટ કેટેગરીમાં એક સ્થાન માટે ૪ ફોર્મ ભરાયા છે.

ફોર્મ ચકાસણીમાં જનરલ કેટેગરીમાં ૫ ફોર્મરદ થયા છે. જેને લઈને જનરલ કેટેગરીમાં ૪૦ ઉમેદવાર છે. ૨૦ મી જૂને ફોર્મ પાંચ ખેંચવાની છેલ્લી તારીખ છે. કેટલા ફોર્મ પાંચ ખેંચાય છે ત્યારપછી ચિત્ર સ્પષ્ટ થશે.

સામાન્ય રીતે ચૂંટણી સહયોગ પેનલ અને વિકાસ પેનલ વચ્ચે લડાય છે. જેમાં જનરલ કેટેગરીના ૮ સભ્યો અને રિઝર્વ કેટેગરીનો એક સભ્ય અને કોર્પોરેટ કેટેગરીનો એક સભ્ય હોય છે. તેથી બંને પેનલો તે પ્રમાણેના સભ્યો ઉભા રાખે છે.

અત્યારે એસ્ટેટમાં ચૂંટણીનો માહોલ છે. બંને પક્ષો મતદારોને આકર્ષવા અવનવા તરીકે અપનાવી રહ્યા છે. ૧૨૮૨ જેટલા સભ્યો છે.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની મેનેજીંગ કમિટીમાં કુલ ૩૦ સભ્યો છે. તેમાંથી સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝના ૨૪ સભ્યો છે. રિઝર્વ કેટેગરીના ૩ સભ્યો અને કોર્પોરેટ કેટેગરીના ૩ સભ્યો છે. ચૂંટાયેલ સભ્યોની મુદત ૩ વર્ષની હોય છે. દર વર્ષે ૧/૩ સભ્યોની મુદત પૂર્ણ થાય છે અને તેમની જગ્યાએ નવા સભ્યો ચૂંટાય છે. તેથી દર વર્ષે જનરલ કેટેગરીના ૮ સભ્યો અને રિઝર્વ કેટેગરીના ૧ સભ્ય અને કોર્પોરેટ કેટેગરીના ૧ સભ્ય માટે ચૂંટણી થાય છે.

છેલ્લા બે વર્ષમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિકાસ પેનલના ૫ સભ્ય અને સહયોગ પેનલના ૫ સભ્યો ચૂંટાયા હતા. વર્ષ ૨૦૨૫-૨૬ માટે વિકાસ પેનલના ૮ સભ્યો અને સહયોગ પેનલના ૨ સભ્યો ચૂંટાયા હતા. એટલે અત્યારે વિકાસ પેનલના ૧૩ સભ્યો અને સહયોગ પેનલના ૭ સભ્યો છે. સત્તાની ખુરશી મેળવવા માટે ૧૬નો જાદુઈ આંકડો મેળવવો જરૂરી છે. વર્ષ ૨૦૨૬-૨૭ ની મેનેજીંગ કમિટી માટે ૧૦ સભ્યો માટે ચૂંટણી થવાની છે. જેમાંથી વિકાસ પેનલ માટે ૩ સભ્યો જીતવા જરૂરી છે. જયારે સહયોગ પેનલને ૯ સભ્યો જીતાડવા જરૂરી છે. આમાં આગળના વર્ષે લોડ ઓછો કરવા માટે બંને પક્ષો પોતાના વધારેમાં વધારે ઉમેદવારો જીતે તેવા પ્રયાસો કરે તે જરૂરી છે. અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનની ચૂંટણીની ચેસના નિયમો જ આવા છે કે જો પેનલ ના બને તો જીતવું લગભગ અશક્ય છે. હવે બંને બાજુ પૂર્ણ પેનલ બનતા ચૂંટણી ખુબજ રસાકસીવાળી બનશે. એસ્ટેટને ૫૦ વર્ષ જેટલો લમ્બો સમય થયો હોવાથી બે પેઢી બિઝનેસમાં છે. તેથી ચૂંટણીમાં રસ લેનાર સભ્યોની સંખ્યામાં પણ વધારો જોઈ શકાય છે.

# અંકલેશ્વરના સરદારભવન ખાતે લાપસી મહોત્સવ યોજાઈ ગયો



પરંપરાગત રીતે દર વર્ષની જેમ આ વર્ષે પણ અંકલેશ્વર જીઆઈ ડીસી સરદારભવન ખાતે ૭ મી જૂન રવિવારે લાપસી મહોત્સવ યોજવામાં આવ્યો હતો. તેમાં ભરૂચ જિલ્લામાં વસતા લેઉવા પાટીદારોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં સવારે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે પ્રસાદીનું આયોજન કરાયું હતું. રાત્રે મોટી સંખ્યામાં લોકોએ આતશબાજી સાથે માં ખોડલના રથનું ભવ્ય સ્વાગત કરીને સમૂહ આરતી કરી હતી. જેથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

સ્વાગત પ્રવચન કરતા વિપુલ વેકરીયાએ સરદાર સાહેબના પાટીદારોમાં મહત્વને સમજાવતા જણાવ્યું હતું કે આઝાદી પહેલા આપણે ત્યાં આપણા ખેતરમાં બીજા લોકો મજૂરી માટે આવે છે તે રીતે ફક્ત મજૂરીનો જ હક્ક હતો. સરદાર સાહેબે ૫૦૦ ઉપરાંત રજવાડા એક કરતા આપણે ખેતરના માલિક બન્યા. તેથી આપણી ઉપર સરદાર સાહેબનું બહુ મોટું ઋણ છે. આજની જાહોજલાલી તેને કારણે છે.

ખોડલધામ ટ્રસ્ટી અશોક લુણાદરિયાએ ખોડલધામના ઈતિહાસ વિષે ઊંડી માહિતી આપી હતી. સાથે સાથે જણાવ્યું હતું કે ખોડલધામ મંદિરની સ્થાપનાને ૧૦ વર્ષ પૂર્ણ થતા તેનો દશાબ્દી મહોત્સવ યોજાનાર છે. તે માટે આપણે કંકોત્રી છપાવતા નથી પરંતુ માતાજી ખુદ ગામે ગામ જઈને દશાબ્દી મહોત્સવમાં પધારવા માટે આમંત્રણ આપે છે.

ખોડલધામ ટ્રસ્ટ દ્વારા ખોડલધામ રથ પરિભ્રમણ માટે ૩ રથ છે. જે ઉતર ગુજરાત ના બનાસકાંઠા જિલ્લા, મધ્ય ગુજરાત ના દાહોદ જિલ્લા અને દક્ષિણ ગુજરાત ઝોન ના વાપી વલસાડ થી પ્રારંભ કરેલ છે. આ ખોડલધામ રથ રાજકોટ ખોડલધામથી ૨૩ મે થી પ્રસ્થાન કરેલ છે. જે ખોડલધામ ટ્રસ્ટ કાગવડ ચેરમેન નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીઓ તેમજ સમાજ ના આગેવાનો દ્વારા ઉત્સાહ ભેર પ્રારંભ કરાવેલ છે. આ રથ ગુજરાતના ૩૫૦૦ થી વધુ ગામોમાં પરિભ્રમણ કરશે.

ખોડલધામ સમિતિ અંકલેશ્વરના વખાણ કરતા જણાવ્યું હતું કે તેઓ આઠ વર્ષથી માતાજીનો લાપસી મહોત્સવ કરે છે. ત્રણ વર્ષથી ભવ્યાતિભવ્ય ખોડલધામ નવરાત્રીનું આયોજન કરે છે. સંસ્થામાંથી જાહેર કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ સંસ્થાના નિયમ મુજબ કરે છે. અમે જયારે ગુજરાતના વિવિધ જિલ્લા, તાલુકા કે શહેરોના ખોડલધામ સંગઠનમાં જતા હોઈએ ત્યારે ખોડલધામનું સંગઠન કેવું હોવું જોઈએ તેના વિષે ચર્ચા થાય ત્યારે અમે અંકલેશ્વરના ખોડલધામ સંગઠન જેવું હોવું જોઈએ તેમ કહીએ છીએ. અંકલેશ્વરના ખોડલધામના સંગઠનને અમે મોડેલ સંગઠન તરીકે સ્વીકાર્યું છે. આ અંકલેશ્વર માટે ગર્વની બાબત છે.

ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરમાં દાન આપનાર વિવિધ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજ અને સમાજ બહારથી પણ દાતાઓ હતા. આ ઉપરાંત માં ખોડલના રથના માર્ગમાં રંગોળી પૂરનાર બહેનોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

ખોડલધામ દક્ષિણ ઝોનના પ્રમુખ અને ખોડલધામ ટ્રસ્ટી ભરતભાઈ પટેલ, ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ પટેલ, વડોદરા દિનેશભાઈ કુંભાણી અમદાવાદ ગોપાલ ભાઈ રુપપરા જુનાગઢ હસમુખભાઈ લુણાગરીયા રાજકોટ ભરતભાઈ પટેલ હિંમત ભાઈ શેલડીયા પંકજ ભાઈ ભુવા મનસુખ રાદડીયા અંકલેશ્વર સરદાર પટેલ સમાજ ના ઉતર ગુજરાત લેઉઆ પાટીદાર સમાજ ના આગેવાનો ઉધોગ સાહસિકો ખોડલધામ માંડવી અંકલેશ્વર ઝધડીયા ભરૂચ નેત્રાંગ તાલુકાઓ સમિતિઓ હાજર રહ્યા હતા.

આ ખોડલધામ રથ પરિભ્રમણ હવન લાપસી મહોત્સવ મહા આરતી મહારાસ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ૪૦૦ થી વધુ ખોડલધામ સમિતિ અંકલેશ્વર ના ભાઈઓ બહેનોએ ખૂબ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. ખોડલધામ જિલ્લા કન્વીનર જયશીલ પટેલ સહ કન્વીનર નિતીન સાવલીયા દ્વદ્ધંઅજ જિલ્લા કન્વીનર દેવેન્ સાવલીયા અંકુર રાદડીયા અને ખોડલધામ ટીમ યુવા સમિતિ, ખોડલધામ મહિલા સમિતિ અંકલેશ્વર કન્વીનર અમી બેન સોજીત્રા અને બહેનોએ ખુબ જ સુદ્રઢ આયોજન કર્યું હતું

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS &TANKS
GMP REACTOR
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
Our Environmental Laboratory Accreditation & Recognized by
NABL (ISO: 17025), MoEF & CC (EPA 1986) & GPCB SCH-II Environmental Auditors
WHY US?
15+ Years of Experience
Industry Versatile
Technology-Driven & Future-Ready
ESG • SUSTAINABILITY • CLIMATE ACTION SOLUTIONS
- ESG Reporting
- Carbon, Water & Green Credit Advisory
- GHG Accounting & Carbon Footprint Studies
- Sustainability & BRSR Reporting
- Environmental Product Declarations (EPD)
- Environmental Consulting & Due diligence
- Energy & Water Audits
OUR CLIENT
adani Petrochemicals, IndianOil, BKT, Reliance, TATA, ongc, NITREX, POLYCAB, LARSEN & TOUBRO, zydus, BOROSIL renewables, UPL, SUZLON, GOLDI SOLAR
Other Services: Environmental Consulting & Monitoring | Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યુ.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002